We Serve

# Lions International

District 3232 B3 | 2026–27


**L. K. Vaghela**
District Governor

**Kamal Jain**
D.C. Blood Donation
93282 12987


PROUD TO SERVE GUJARAT

A SINGLE DROP CAN SAVE LIVES

# રક્તદાન સપ્તાહ

## 17 સપ્ટેમ્બર થી 23 સપ્ટેમ્બર, 2026

DONATE BLOOD | SHARE LIFE | SPREAD HOPE

Be a Hero Donate Blood Save Lives

પ્રતિ,
પ્રમુખશ્રી , મંત્રીશ્રી તથા કેબિનેટ ના તમામ સભ્યો, લાયન્સ સ્નેહી મિત્રો,
અભિવાદન! માનવસેવા એ જ પ્રભુસેવા એ લાયન્સ ક્લબનો મૂળ મંત્ર રહ્યો છે. જ્યારે કોઈ દર્દીને લોહીની જરૂર હોય છે, ત્યારે આપણા દ્વારા દાનમાં આપેલુ એક યુનિટ રક્ત કોઈનો અમૂલ્ય જીવ બચાવી શકે છે. રક્તદાન એ માત્ર દાન નથી, પરંતુ કોઈ પરિવારને નવી આશા આપવાનું પવિત્ર કાર્ય છે.
આપણા ડિસ્ટ્રિક્ટ દ્વારા આગામી **17 સપ્ટેમ્બર થી 23 સપ્ટેમ્બર** દરમિયાન **"રક્તદાન સપ્તાહ"** નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમિયાન આપણી તમામ ક્લબો સક્રિય બનીને વધુમાં વધુ રક્તદાન કેમ્પ યોજે અને સમાજમાં જાગૃતિ લાવે તેવી નમ્ર અપીલ છે.

GIVE BLOOD GIVE LIFE

## રક્તદાન ઍંગેની કેટલીક મહત્વપૂર્ણ અને સામાન્ય માહિતી: (જે તમે તમારા કેમ્પના બેનર/પત્રિકામાં પણ ઉપયોગ કરી શકો છો)

### કોણ રક્તદાન કરી શકે?

- 18 થી 65 વર્ષની વય ધરાવતી કોઈ પણ તંદુરસ્ત વ્યક્તિ.
- જેનું વજન ઓછામાં ઓછું 45 કિલો હોય.
- જેનું હિમોગ્લોબિન 12.5 gm/dl કે તેથી વધુ હોય.

### રક્તદાનના ફાયદા

- 1 યુનિટ રક્તદાન કરવાથી એકસાથે 3 લોકોના જીવ બચાવી શકાય છે (આર.બી.સી., પ્લાઝમા, પ્લેટલેટ્સ).
- રક્તદાન કરવાથી શરીરમાં નવું રક્ત ઝડપથી બને છે, જે શરીર માટે ખૂબ ફાયદાકારક છે.
- હૃદયરોગનો હુમલો (Heart Attack) થવાનું જોખમ ઘટે છે અને કોલેસ્ટ્રોલ નિયંત્રણમાં રહે છે.
- રક્તદાન પહેલાં મફત આરોગ્ય તપાસ (BP, હિમોગ્લોબિન, બ્લડ ગ્રુપ વગેરે) થઈ જાય છે.

### ધ્યાન રાખવાની બાબતો

- દર 3 મહિને (પુરુષો) અને દર 4 મહિને (સ્ત્રીઓ) સુરક્ષિત રીતે રક્તદાન કરી શકાય છે.
- રક્તદાન કર્યા બાદ અડધા કલાક માં શરીર સામાન્ય થઈ જાય છે અને દૈનિક કામકાજ કરી શકાય છે

### તમામ ક્લબો માટે સૂચના તથા માર્ગદર્શન

- **સ્થળની પસંદગી:** આપના વિસ્તારના કોલેજો, સોસાયટીઓ, કંપનીઓ, ધાર્મિક કે સામાજિક સ્થાનો પર કેમ્પનું આયોજન કરવું.
- **બ્લડ બૅંક સંપર્ક:** કેમ્પના આયોજન માટે લાયન્સ બ્લડ બેન્ક ને અગ્રતા આપી શકાય અથવા સ્થાનિક અધિકૃત/સરકારી બ્લડ બૅંક સાથે અગાઉથી તારીખ અને સમય નક્કી કરવા.
- **દાતાઓનું સન્માન:** રક્તદાતાઓને ડિજિટલ/પ્રિન્ટેડ પ્રમાણપત્ર અને નાસ્તો/ઉપહાર આપીને પ્રોત્સાહિત કરવા.
- **રિપોર્ટિંગ:** કેમ્પ પૂર્ણ થયા બાદ તરત જ કેમ્પના ફોટોગ્રાફ્સ અને એકત્રિત થયેલા બ્લડ યુનિટની માહિતી ડિસ્ટ્રિક્ટ ટીમ/ બ્લડ ડોનેશન ચેરસેને મોકલી આપવી

**આવો, આ 'બ્લડ ડોનેશન સપ્તાહ' દરમિયાન આપણે સૌ સાથે મળીને એક નવો વિક્રમ સર્જીએ અને જરૂરિયાતમંદ દર્દીઓ સુધી જીવનદાતા બનીને પહોંચીએ.**

રક્તદાન કેમ્પ ના આયોજન માટે
આપણી લાયન્સ બ્લડ બૅંક નો સંપર્ક કરી શકાય
**Dr Sachin Patel** 96384 86226

**"રક્તદાન મહાદાન – એક પ્રયાસ, જગાવે આશ!"**

Blood Connects Us All

STRONGER COMMUNITIES | HEALTHIER SOCIETY | BRIGHTER TOMORROW


આપનો સ્નેહાધીન,
**Kamal Jain**
D.C. Blood Donation
93282 12987


DONATE TODAY

WE SERVE | TOGETHER FOR A HEALTHIER TOMORROW